# નગરનું નવુ નજરાણું સીટી સ્ક્વેર સેક્ટર-૨૨માં બનશે

**રાજ્યનું પણ નવુ નજરાણુ બની રહેશે : ગાંધીનગર મનપા સ્માર્ટસીટી અંતર્ગત સીટી સ્ક્વેર બનાવવા ડી.પી.આર. તૈયાર કરી રહી છે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સેક્ટર-૨૨માં સીટીસ્ક્વેર બનાવવા અંગેનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિશ્વસનીય વિગતો પ્રમાણે સીટી સ્ક્વેર બનાવવા અંગેનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ આ માસના અંત સુધીમાં તૈયાર કરી અને આ માટેની ગર્વનીંગ બોડીમાં તે રજુ કરવામાં આવશે.

આ સીટી સ્ક્વેર ગાંધીનગર શહેરનું એક આગવુ આકર્ષણ બને તે રીતે તૈયાર કરવામાં આવશે. જેમાં વોકવે, પાર્કસ એન્ડ રાઈડ્સ ઉપરાંત ઓપન એર થિયેટર જેવી સુવિધાઓ પણ હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે અમેરિકાના પ્રવાસે ગયા હતા ત્યારે ટાઈમ્સ સ્ક્વેરથી તેમને સભાને સંબોધી હતી તે પછી ગાંધીનગર મનપાએ પણ આવો સીટીસ્ક્વેર બનાવવાનો નિર્ણય લીધો હતો.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત નગરની ઓળખ બને તેવા કામ હાથ ધરવાના હોય છે અને મનપાએ સે. ૨૨માં રંગમંચ પાછળની ખુલ્લી જગ્યામાં આ સીટી સ્ક્વેર બનાવવાનો નિર્ણય સૈદ્ધાંતિક રીતે કર્યા બાદ હવે તેનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા જે હાલ અંતિમ તબક્કામાં છે.

એવુ પણ જાણવા મળેલ છે કે આ સીટી સ્ક્વેર નગરનું જ નહિ પણ રાજ્યનું પહેલુ સ્ક્વેર બનશે જ્યાં ખુલ્લી જગ્યાનો પુરેપુરો ઉપયોગ કરવામાં આવશે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અહિ કદાચ શોપીંગ મોલને પણ સામેલ કરવામાં આવશે.

આ ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ જાય તે પછી તેને શહેરી વિકાસ મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.




# દર્દીઓ દાખલ છે... તંત્ર જ વિકલ્પ આપે : ડોકટર્સ

ગાંધીનગર તા ૧૧

નગરમાં દબાણની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. દબાણ હટાવ ઝુંબેશ લારી ગલ્લા સુધી હતી ત્યાં સુધી બધુ રૂટીન લાગતુ હતુ પરંતુ પાકા દબાણો પર દબાણતંત્રના બુલડોઝરની થપાટો ઝીંકાતા નગરના સિનારીયાની સાથે નગરજનો મિજાજ પણ બદલાઇ રહ્યો છે. રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારમાં પાકા દબાણો,માર્જીનની જગ્યામાં દુકાનો શેડ ,પાકા ઓટલા સહીત બધુ દબાણની વ્યાખ્યામાં આવતા તંત્રની કડક કામગીરીથી હવે આમ નાગરિકો અને વેપારીઓ પણ દબાણનુ ભારણ રાખવા માંગતા ન હોવાથી કેટલાક ઠેકાણે સ્વેચ્છાએ દબાણો દુર કરવાનુ અભિયાન હાથ ધરાયુ છે.બીજીતરફ હેતુફેરના મામલે પણ સફાળા જાગેલા કોર્પોરેશનના તંત્રએ લાલ આંખ કરી છે. જેમાં સે-૭ માં રહેણાંક વિસ્તારમાં ધમધમતા દવાખાનાઓ હવે તંત્રના નિશાના પર છે.

● અનુસંધાન પાન-૭ પર

## આમ તો સરકાર બરાબર છે, પરંતુ મેડિકલ એસોસિએશને અગાઉ રજુઆત પણ કરી હતી



આમ તો સરકાર કરે છે તે બરાબર છે... આ વિસ્તારમાં ૨૫ વર્ષથી દવાખાના ચાલે છે. અગાઉ આ મામલે મેડિકલ એસોસિએશન દ્વારા કાયમી ધોરણે આ ઠેકાણે દવાખાનુ યથાવત રાખવા માટે મંજુરી અર્થે રજુઆત કરવામાં આવી હતી. પરંતુ કાંઇ થયુ નહીં. સરકારે વૈકલ્પિક વ્યવસ્થા માટે પણ હજુ કોઇ જગ્યા છોડી હોય તેવુ દેખાતુ નથી. કોર્મશિયલ બિલ્ડીંગો મોંઘા થયા છે. ડોકટર હાઉસમાં નીચો દર રાખી જગ્યા ફાળવવા કોઇ યોજના તૈયાર થાય તે જરૂરી છે. કોર્મશિયલ બિલ્ડીંગો બિલ્ડર લોબીના હાથમાં આવી જાય છે. ડોકટરોને તેના ભાવ પોષાય તેમ હોતા નથી માટે આ સ્થિતિમાં વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય છે. મેડિકલ એસોસિએશનમાં પણ આ મામલે આગળ શુ કરવુ તે અંગે નિર્ણય લેવાશે તે મુજબ બધા સાથે આગળ વધીશુ.

**ડો જગદીશ દેવચંદભાઇ પ્રજાપતિ-સર્જન**

## અગાઉ બજાર કીંમતે પ્લોટની માંગણી કરી હતી પરંતુ..



હરાજીના પ્લોટ બિલ્ડરોના હવાલે થઈ જાય છે સરકાર ભાવ વધારીને હરાજી કરે છે. એમાંય ચોથા પાંચમાં માળે હોસ્પિટલ ચલાવવાનુ અત્યંત કઠીન છે. હાર્ટ તેમજ ઓર્થોપેડીકના દર્દીઓ માટે વ્યવસ્થા ન જળવાય તે પણ જોવુ રહ્યુ આ મામલે પાંચ વર્ષ અગાઉ પણ તબીબી આલમે એકત્રિત થઈ સઘળુ પ્લાનીંગ કરીને ડોકટરોની યાદી અને તેમની જગ્યાના અનુસંધાને જરૂરિયાતને ધ્યાને લઇ વિગતો સંબંધિત તંત્ર સમક્ષ રજુ કરી હતી. સરકારે ૨૫૦ મીટરના પ્લોટ તે સમયે ડોકટરોને બજાર ભાવ મુજબ આપી દીધા હોત તો આ સમસ્યા કાયમી ધોરણે દુર થઈ ગઈ હોત. જયારે હવે યોગ્ય ભાવે જગ્યા મળે તે માટે હરાજી થાય તે જ આ સમસ્યાનુ નિરાકરણ છે. શહેરમાં અન્ય કોર્મશિયલ જગ્યા નથી. સરકાર જ જગ્યા આપે તો હમણાં સીફ્ટ થઈ જઈએ. હાલ હોસ્પિટલમાં દર્દીઓ દાખલ છે ત્યારે તંત્ર જ વિકલ્પ આપે અમે ક્યાં જઈએ. હાઈકોર્ટની ગાઈડ લાઈન રોડ સાઈડના દબાણો દુર કરવાની છે. અગાઉ ઈમ્પેકટ ફી વસુલી અન્ય પાકા દબાણો રેગ્યુલરાઈઝ કર્યા પરંતુ અમારા કેસમાં આ પ્રક્રીયા હાથ ધરાઈ નહીં.

**ડો જયેશ શાહ - ફિજીશીયન**

## હેલ્થકેરનો મુદો ટુથપેસ્ટ વેચવા સમાન નથી

**બીલ અને વેરા કોર્મશિયલ ચુકવીએ છીએ**



સે-૭ માં રહેણાંક વિસ્તારમાં દવાખાનાઓના મામલે એક દાયકા અગાઉ સેકટરના સ્થાનિક તબીબોએ ભેગા થઈ જવાબદાર તંત્ર સમક્ષ રજુઆત કરી હતી. પરંતુ કાંઈ થયુ નહીં. હાલ અમે વિજબીલ તેમજ પાણી વેરો પણ કોર્મશિયલ દર મુજબ જ ચુકવીએ છીએ. બધુ સરકારના નિયમ મુજબ જ થાય છે. જો કે હેલ્થકેરનો મુદ્દો કોર્મશિયલ નથી. ટુથપેસ્ટ વેચાવા કરતા પર છે. ચોકકસ આ વિસ્તારમાં પાર્કીંગને અનુલક્ષીને પ્રશ્નો ઉદભવ્યા છે. પરંતુ આ મામલે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાય તો સમસ્યાનુ નિવારણ આવી શકે . આમ તો દિવાળી બાદ તેજ આઈ સેન્ટર તેની નવી જગ્યાએ કાર્યરત થશે. જેથી અન્ય કોઈ પ્રશ્ન નથી. પરંતુ વર્ષોથી દર્દીઓને સેવા આપતા દવાખાનાઓને નગરના હાર્દ સમા વિસ્તારમાં બંધ કરાવી દેવાની બાબત યોગ્ય નથી.

**ડો તેજલ દલાલ - આઈ સર્જન**

## શહેર વસ્યુ ત્યારે સરકારી મકાનો ફાળવ્યા હતા



કન્સલટીંગ ડોકટર છુ. પ્રેકટીસ કરુ છુ. સુપ્રિમ કોર્ટના નિયમ મુજબ કન્સલટીંગ ડોકટર રહેણાંક વિસ્તારમાં પણ પ્રેકટીસ કરી શકે છે. આમ તો ગાંધીનગરની સ્થાપના થઈ ત્યારે સરકારી મકાનો જનરલ પ્રેકટીસ કરતા ડોકટરોને દવાખાનુ શરૂ કરવા ફાળવવામાં આવ્યા હતા. ત્યારે કોર્પોરેશનના તંત્રએ આ વાતનુ અર્થઘટન એવુ કરી એમ જણાંવે છે કે ઈમરજન્સીમાં જ આ નિયમ લાગુ પડે અન્યથા નહીં.. આખી દુનિયામાં દવાખાના ધમધમે છે. કોર્પોરેશનના તંત્રએ પણ છપાયેલી નોટીસ બતાવી છે. કાંઇ લેખિત આપ્યુ નથી. જોઈએ હવે મેડિકલ એસોસિએશન નક્કી કરે તે મુજબ આગળ વધીશુ.

**ડો ગૌરાંગ થાનકી - મનોચિકિત્સક**

# ગાંધીનગર માર્કેટયાર્ડની ચૂંટણી માટે સહકારી મંડળી વિભાગમાં બે મંડળીઓના નામ રદ કરાયા

**વકીલ અશોક પટેલે આપેલી વાંધા અરજી પર લંબાણપૂર્વકની સુનાવણી પછી જિલ્લા રજીસ્ટ્રારે કરેલો નિર્ણય : જંગ નવેમ્બરમાં રોચક બનશે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર માર્કેટીંગયાર્ડની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે પ્રસિદ્ધ કરાયેલ મતદાર મંડળમાંથી બે સહકારી મંડળીઓને રદ કરવામાં આવતાં આગામી દિવસોમાં આ જંગ રોચક બનશે.

મળતી વિગતો પ્રમાણે સહકારી મંડળીઓ જો ત્રણ કરતાં વધુ હોય તો બે સભ્યો બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સ્થાન પામતા હોય છે. આ મતદારયાદીમાં ૪ સહકારી મંડળીઓ નોંધાયેલ હતી જેમાંથી બે મંડળીઓનું નામ મતદારયાદીમાંથી કમી કરવાનો નિર્ણય જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા કરવામાં આવ્યો છે.

ગાંધીનગર માર્કેટયાર્ડની ૧૪ બેઠકો માટેની ચૂંટણી નવેમ્બરમાં યોજાવાની છે ત્યારે મતદાર મંડળની યાદી પ્રસિદ્ધ થતાં અશોક પટેલે આ સામે વાંધા અરજી આપી હતી. અશોક પટેલે જાખોરા ગૃપ તેલીબિયાં ખરીદ-વેચાણ સહકારી મંડળી તેમજ અડાલજ તેલીબિયા ખરીદ-વેચાણ સહકારી મંડળી સામે વાંધા અરજી દાખલ કરી હતી.

આ વાંધાઅરજી પરની લાંબી સુનાવણીને અંતે જિલ્લા રજીસ્ટ્રારે જાખોરા ગૃપ તેલિબિયાં ખરીદ-વેચાણ સહકારી મંડળી અને અડાલજ તેલિબિયાં ખરીદવેચાણ સહકારી મંડળીના નામ મતદારયાદીમાંથી કમી કરવાનો નિર્ણય કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે સે. ૨૨માં મનપાનો સેવાસેતુ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૩ અને ૪નો સેવાસેતુ આજે સે. ૨૨ના જૈન દેરાસર ખાતે યોજવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે ચોથા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન કરવા માટે આપેલ સૂચનાઓ પછી મનપા દ્વારા આ બીજો સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર મનપા દ્વારા આ સેવાસેતુ કાર્યક્રમને લઈ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે. ૨૦ થી પણ વધુ વ્યક્તીગત સેવાઓ આ સેવાસેતુ કાર્યક્રમમાં ઉપલબ્ધ બનશે.

# મનપાની સામાન્ય સભા માટે કોંગ્રેસની બંને દરખાસ્તો ફગાવતા મેયર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ૧૪મીએ મળનાર સામાન્ય સભા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા રજુ થયેલી બે દરખાસ્તોને ફગાવી દીધી છે.

મેયર કાર્યાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ ભાજપના તમામ સભ્યો જે ગત સામાન્ય સભામાં ગેરહાજર રહ્યા હતા તે બાબતને ગંભીર લેખી કારણદર્શક નોટીસ આપવાની દરખાસ્ત કરી હતી જે સામાન્યસભાના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી નકારી કાઢવામાં આવી છે.

જ્યારે દબાણ દૂર કરવા માટે સમાનતાની નીતિ અપનાવવા માટેની માંગ કરતી કાઉન્સીલર અંકિત બારોટની રજુઆતના સંદર્ભે મેયર, કાઉન્સીલર અંકિત બારોટ અને કમિશ્નર વચ્ચે બેઠક યોજી તેમની રજુઆતો સાંભળી યોગ્ય નિકાલ કરવાની ખાતરી આપી આ દરખાસ્ત ત્રુટીઓ ભરેલી હોવાનું જણાવી દાખલ કરેલ નથી તેમ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મેયર દ્વારા આ બેય દરખાસ્તોને જે રીતે ફગાવવામાં આવી છે તે જોતાં ભાજપમાં બધુ બરાબર સેટ થઈ ગયુ છે અને હવે કોઈ મનદુઃખ નથી તેવો સંદેશો આપવાનો પ્રયાસ કરાયો હોવાનું જાણવા મળેલ છે.

નવા મેયરની નિયુક્તી પૂર્વે આ વર્તમાન મેયરની છેલ્લી સામાન્યસભા હશે તેવા સંકેતો પણ રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે. આ સામાન્ય સભા પછી નવા મેયરની ચૂંટણી માટે જ સામાન્યસભા મળશે તેમ પણ આ વર્તુળો જણાવી રહ્યા છે.



ગુડા વિસ્તારને હાઈટેક અને હરિયાળો બનાવવા માટે અવનવા વિકાસ કામોને વેગ આપવામાં આવતો હાવાના બણગા અનેકવાર સાંભળવામાં આવે છે. જયારે પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા ગુડાના અધિકારીઓએ અગાઉ અનેકવાર ફોટો ફંકશન કરવાનો સંતોષ પણ મેળવ્યો છે. પરંતુ સ્વચ્છતાના મામલે

ગુડાની ઘણીખરી સોસાયટીઓના રહેણાંક વિસ્તારમાં ગુંગળામણ થાય તેવી દયનીય સ્થિતિ છે. ખદબદતી ગંદકી વચ્ચે સ્વચ્છ ભારતના અભિયાનનો વિચાર પણ આ વિસ્તારમાં કરવો મુશ્કેલ થઈ પડે તેવા દ્રશ્યો આંખ સામે ખડા થાય છે. હાઈટેક વિકાસની લ્હાયમાં બધું જ હાઈફાઈ થાય છે...ગુડાના તંત્રના ભ્રષ્ટ વહીવટથી નાગરિકો પણ પરેશાન છે. વહીવટમાં ચોખ્ખાઈનો અભાવ હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ પહોચ્યો છે. ત્યારે નવનિર્મિત સોસાયટીના આંગણે પણ ઉલેચવા મુશ્કેલ થાય તેવા ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. ધોળેશ્વર પાસેના ગુડા વિસ્તારમાં સ્થિત અનેક વિધ સોસાયટીનો કચરો જાહેરમાં ઠાલવી દેવાતા ગુડાનો ગ્રીન સીટી અને કલીન સીટીના કન્સેપ્ટની અસલ તાસીરની તસ્વીર આંખ સામે આવી છે.

# શહેરની બે શાળાઓમાંથી ૪ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરી મેલેરિયાતંત્રની ટીમો દ્વારા આજે શહેરની બે સ્કૂલોમાંથી મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢી શાળા સંચાલકોને આ માટે કડક તાકીદ કરી એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી કરી હતી.

શહેરી મેલેરિયાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્રએ આજે ગાંધીનગર શહેરની ૮ શાળાઓમાં ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. જે પૈકી બે શાળાઓ માઉન્ટકાર્મેલ સ્કૂલ સે. ૨૧માં એક સ્થાનેથી તેમજ ગુરૂકુળ સે. ૨૨માં ૩ જગ્યાઓ પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રની ટીમ દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પછી શાળા સંચાલકોને વરસાદી પાણીના નિકાલ માટેની જરૂરી વ્યવસ્થા કરવા તેમજ પાણીનો ભરાવો ના થાય તેવી વ્યવસ્થા કરવા માટે તાકીદ કરી હતી.

આ શાળાઓમાં કુંડાઓમાંથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

તંત્રની ટીમો દ્વારા ગઈકાલે સે. ૭માં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ અને ૭૦ જેટલા ઘરોમાંથી મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢ્યા હતા. તંત્રએ વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સર્વેલન્સ અને ચકાસણી તેમજ એન્ટી લારવેલ અને ફોગીંગની કામગીરીને સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.

## ખેડબ્રહ્મા અંબાજી માતાનો ભાદરવી પુનમનો મેળો

આથી જાહેર જનતાને જણાવવાનું કે ખેડબ્રહ્મા મુકામે ચાલુ વર્ષે ભાદરવી પુનમનો મેળો તા. ૧૯/૯/૨૦૧૮ થી ૨૫/૯/૨૦૧૮ દિન-૭ (સાત) માટે યોજાનાર છે. આ મેળામાં શ્રીફળ, ચુંદડી, પ્રસાદ, ચા-નાસ્તો, ખાણીપીણી, પુસ્તકો મનોરંજન આઈટમો વિગેરેના લાગીગલ્લા, સ્ટોલ મુકવા સદરહુ માતાજી ગામતળ તરીકે ઓળખાતી જમીનમાં ચાલુ વર્ષે પ્લોટો પાડી જાહેર હરાજીથી ફાળવવાના થાય છે. જેમાં માતાજી ગામતળની જમીનમાં તા. ૧૯/૯/૨૦૧૮ થી ૨૫/૯/૨૦૧૮ દિન-૭ (સાત) માટે જાહેર હરાજીથી ભાડે આપવા માટે તા. ૧૪/૯/૨૦૧૮ (શુક્રવાર)ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે સ્થળ : ટાવર પાસે માતાજી ગામતળ, અંબિકા માતાજી મંદિર, ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા મુકામે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. સબબ હરાજીમાં રસ ધરાવનાર ઈસમોને પાસપોર્ટ સાઈઝના ૨ (બે) ફોટા અને ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ સાથે હાજર રહેવા જણાવાવમાં આવે છે.

**સહી/-**
**મામલતદાર, ખેડબ્રહ્મા**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com